# લગ્ન સંબંધ માટે ડિગ્રી નહીં, ધો.૧૨ની માર્કશીટ જૂઓ

છોકરો કે છોકરી ચોક્કસ ઉંમરના થાય એટલે મા-બાપની એક ચિંતા અને ફરજ બને છે કે તેના માટે ઘરસંસાર ચલાવવા સારું પાત્ર શોધવું. આ માટે જુદા જુદા વાલીની ફિલોસોફિ જુદી જુદી જોવા મળે છે. આમ છતાં એટલું તો નક્કી છે કે દરેક વાલી પોતાના પાત્રના પ્રમાણમાં સામા પક્ષે શક્ય તેટલું સારું પાત્ર શોધવાનો પ્રયત્ન અને આગ્રહ કરે છે. છોકરી માટે છોકરો પસંદ કરતી વખતે દરેક વાલીની પ્રાથમિકતા ઓટલો અને રોટલો હોય છે. ત્યારબાદ અન્ય બાબતો આવે છે. આમછતાં ક્યારેક કેટલાક વાલી આ બાબતમાં ભૂલ કરી બેસે છે અથવા તો તેમને છેતરાયાનો અનુભવ થાય છે. આમ બનવા પાછળના કારણો જુદા જુદા હોઇ શકે પણ આજના સમયમાં એક નવું કારણ ઉમેરાયું છે, જે શિક્ષણ અને નોકરી ધંધા સાથે જોડાયેલું છે. તે કારણ છે ગમે તે ભોગે - ગમે તે રીતે ઊંચી ડિગ્રી હાંસલ કરવી ! અને તે પણ એટલા માટે કે સારું પાત્ર મળે ! જે બાબત અત્યારે વારંવાર નજરસમક્ષ આવતી જાય છે.

હમણાં જ એક અનુભવ થયો. એક છોકરો ધો.-૧૨ માં વિજ્ઞાનપ્રવાહમાં નાપાસ થયો. સ્વાભાવિક છે કે વાલીને ચિંતા અને દુઃખ થાય. છતાં વાલીએ છોકરાને પ્રોત્સાહન આપ્યું કે આવું તો થાય, ગભરાવાની કે ડરવાની જરૂર નથી. જ્યાં વાલીએ પ્રામાણિકપણે પોતાની ફરજ આબેહૂબ નિભાવી. સમય જતાં છોકરાએ ફરીથી પરીક્ષા આપી બાવન ટકા સાથે પાસ થઇ ગયો. વાલીએ નિષ્ણાતોનું માર્ગદર્શન લીધું અને વાસ્તવિકતાનો સ્વીકાર પણ કર્યો કે, મારું બાળક અભ્યાસમાં પ્રમાણમાં મધ્યમ છે તો તેને તે પ્રમાણેનો અભ્યાસ કરાવવો. જેથી તેમણે નક્કી કર્યું કે, તેને બી.એસ.સી. કરાવવું. જેથી એક કોલેજમાં પોતાના બાળકનો પ્રવેશ પણ બી.એસ.સી. કરાવવા માટે લઇ લીધો. પંદરેક દિવસ થયા હશે તેમણે પોતાના બાળકનો પ્રવેશ કેન્સલ કરાવ્યો અને ડિગ્રી એન્જિનીયરીંગમાં પ્રવેશ લીધો. આમ કરવા પાછળનું કારણ મેં પૂછ્યું તો તેમનો જવાબ હતો કે, " મારા એક સગાં એ મને કહ્યું કે, છોકરાને એન્જિનીયર બનાવો તો છોકરી સારી મળે, મને તેમની વાત સાચી લાગી. જેથી મેં તેને એન્જિનીયરીગમાં ડોનેશન આપીને પ્રવેશ લઇ લીધો." અહીં પ્રશ્ન એ થાય કે, છોકરાને સારું ભણાવવાનું શા માટે ? છોકરી મેળવવા માટે ? એ પણ તેની પૂરતી શક્તિ ન હોય તો પણ ઊંચા કોર્ષમાં પ્રવેશ સા માટે લેવાનો ? સારી છોકરી મેળવવા માટે ? શું આમ કરવાથી તમે છોકરીને કે તેના માબાપને છેતરવાનો પ્રયત્ન તો નથી કરતા ને ? અને આવી ઘટના હવે એકલદોકલ નથી બનતી. ઘણી જગ્યાએ જોવા જાણવા મળ્યું. ત્યારે જ મનમાં વિચાર આવ્યો કે, હવે પછી છોકરીના માબાપે છોકરાની પસંદગી કરતી વખતે તેણે કઇ ડિગ્રી લીધી છે તેની સાથે સાથે તે ડિગ્રી કેવી રીતે લીધી છે તે પણ જોવું રહ્યું. એટલું જ નહીં જો છોકરાની સાચી શક્તિ, તેની હોંશિયારી જોવી હોય તો માત્ર ડિગ્રી ન જોશો. તેની બારમા ધોરણની માર્કશીટ પણ જૂઓ. અહીં ખાસ ઉલ્લેખ કરું છું કે આજના મોટાભાગના વાલી છોકરા-છોકરીના જન્માક્ષર મેળવીને મીલાવવાનો પ્રયત્ન કરે છે. જન્માક્ષર મિલાવીને કરેલા સંબંધો સારી રીતે ટકે છે કે તે સંબંધોમાં સાર્વત્રિક મિઠાશ જોવા મળે છે તેવું દરેક કિસ્સામાં નથી પણ બનતું. ત્યારે કહેવાની ઇચ્છા થાય કે, "ભાઇ, હવે જમાનો બદલાતો જાય છે, વાલીઓની વિચારસરણી બદલાતી જાય છે, છોકરાછોકરીના પસંદગીના ધોરણો પણ બદલાતા જાય છે ત્યારે, જન્માક્ષર મેળવવાને બદલે તે બંનેની ધો.૧૨ની માર્કશીટ મેળવવાનો પ્રયત્ન કરશો તો વધુ મેળાપ થશે." અહીં કહેવાનો અર્થ એ છે કે, કોઇ છોકરાએ કે છોકરીએ કયા વિષય સાથે ડિગ્રી લીધી છે

એટલું જાણવાથી તે છોકરા કે છોકરીનો રસ કે શક્તિ કે આવડત કે લાયકાત કદાચ સાચી જાણવા નહીં મળે. કારણ કે આજે તો પચાસ ટકા મેળવનાર વિદ્યાર્થી ધારે તે કોર્ષમાં પ્રવેશ લઇ શકે છે. પચાસ ટકા મેળવનાર ધારે તો એન્જિનીયર બની શકે છે અને દારે તો ડોક્ટર પણ બની શકે છે. આમ માત્ર ડિગ્રી જોવાથી તેની શક્તિનો સાચો ક્યાશ નહીં મેળવી શકો. તે માટે ધો.૧૨ ની માર્કશીટ જૂઓ અને નક્કી કરો કે તેને કયા વિષયમાં રસ છે. તે કેટલો ભણવામાં હોંશિયાર છે. આજ બાબતને અન્ય રીતે વિચારીએ તો, ધો.૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં એક બાળકને પચાસ ટકા આવ્યા અને બીજાને સાઠ ટકા આવ્યા. કોણ હોંશિયાર ? તમે કહેશો કે, સ્વાભાવિક છે કે સાઠ ટકા મેળવનાર હોંશિયાર. હવે આ બંને બાળકોમાંથી પચાસ ટકા વાળો ડોનેશન આપીને મેડિકલમાં પ્રવેશ લે છે અને સાઠ ટકા વાળો શિક્ષક બનવા માટે બી.એડ્. કરે છે. બંને ડિગ્રી મેળવીને બહાર પડે છે. હવે આ બંને બાળકો માટે સમાજ શું કહે છે ? સમાજનો જવાબ હોય છે કે ભાઇ ડૉક્ટર બન્યો તે જ હોંશિયાર હોય ને ! અહીં જવાબ બદલાઇ જાય છે. શું આ જવાબ સાચો છે ? આ બંને બાળકો સમાજમાં જ્યારે પોતપોતાના વ્યવસાયમાં જોડાશે તો કોણ વધારે સફળ થશે ? ત્યારે તમે જ કહેશો કે શિક્ષક બનેલ બાળક વધારે સફળ થસે. તો હોંશિયાર કોણ વધુ કહેવાય ? કોણે યોગ્ય લાઇનની પસંદગી કરી કહેવાય ? માટે જ વારંવાર કહેવાની ઇચ્છા થાય છે કે, ભાઇ, છોકરાછોકરીના સંબંધ કરતી વખતે માત્ર ડિગ્રી જોઇને અંજાઇ ન જશો, તેની ધો.૧૨ની માર્કશીટ જૂઓ તો તમને સાચો ખ્યાલ આવશે કે જે તે છોકરાછોકરીમાં કેટલું હીર છે, તેનો સાચો ચળકાટ કેટલો છે?

આમ પણ છોકરાછોકરી એ શું કર્યું છે તે અગત્યનું નથી, પણ તેણે કેવી રીતે કર્યું અને તેણે જે કર્યું તેમાં તે કયા સ્થાને છે તે અગત્યનું છે. ઊંચી ડિગ્રી લીધી હશે પણ માંડમાંડ પાસ થયા હશો તો સમાજમાં આવશે ત્યારે તેનાથી સારું પરિણામ મેળવનાર અનેક વ્યક્તિઓની લાઇન હશે. જેથી માંડમાંડ પાસ થનારને કોઇ નોકરી નહીં આપે. તેની સામે ભલે મધ્યમ કક્ષાની લાઇન લીધી હોય પણ તેમાં આગળના સ્તાને હશે તેને સરળતાથી નોકરી મળી જશે. આજે બેકારી વધવા પાછળના ઘણાં કારણોમાંથી એક કારણ આ પણ છે કે, લાયકાત કે શક્તિ ન હોવા છતાં જેમતેમ કરીને ડિગ્રી મેળવે, પછી નોકરી ધંધામાં સફળ ન થાય એટલે બેકાર બને જ. સાથે અહીં એક વાતનું એ પણ ધ્યાન દોરવાનું થાય કે, દરેક વાલીએ પોતાના બાળકને કઇ ડિગ્રી મેળવવી જોઇએ તેનું ધ્યેય છોકરી કે છોકરો મેળવવા માટે નહીં, પણ જીવન નિર્વાહ માટેનું હોવું જોઇએ. એટલે કે સારાં નોકરીધંધો મળી રહે તે ધ્યેય હોવું જોઇએ. જો નોકરી સારી હશે તો છોકરી સારી મળવાની જ છે, પણ છોકરી સારી હશે તો નોકરી સારી મળવાની કોઇ ગેરંટી નથી. માટે જ ધો.-૧૨ પાસ થયા પછી શક્તિ અને રસ મુજબ જ લાઇન પસમદ કરાવો, તો જીવનમાં વધારે સફળતા મળશે. ભણવાને છોકરો કે છોકરી મેળવવા સાથે ન જોડતાં ભણવાને વ્યક્તિત્ત્વ વિકાસ સાથે અને સફળતા સાથે જોડવાનો પ્રયત્ન કરવો જોઇએ.